Upload National Evening News 26-12-2024 at 7.50-8.00pm-1

# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 26-12-2024 Evening : 7.50 to 8.00
Day : Thursday National News

આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

*****************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વીર બાળ દિવસ નિમિત્તે સંબોધન કરતાં કહ્યું હતું કે, યુવા શક્તિ માટે સમગ્ર વિશ્વ ભારત તરફ આશા અને આકાંક્ષાઓ સાથે જોઈ રહ્યું છે.**
2) **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે 17 બાળકોને તેમની અસાધારણ સિદ્ધિઓ માટે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત કર્યા.**
3) વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે આજે જણાવ્યું હતું કે દેશ આપત્તિ ચેતવણીમાં વૈશ્વિક નેતા તરીકે ઉભરી આવ્યો છે.
4) હવામાન વિભાગની આગામી બે દિવસ ઉત્તર-પશ્ચિમ અને મધ્ય ભારતમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી.
5) મેલબોર્ન ખાતે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ચોથી ટેસ્ટ મેચના આજે પ્રથમ દિવસે ભારત સામે ઓસ્ટ્રેલિયાએ 6 વિકેટે 311 રન નોંધાવ્યા.

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM VEER BAL DIWAS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે સમગ્ર વિશ્વ યુવા શક્તિ માટે ભારત તરફ આશા અને આકાંક્ષાઓ સાથે જોઈ રહ્યું છે. **નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે**

વીર બાલ દિવસને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે સરકારની નીતિઓમાં યુવાનોના સશક્તિકરણ પર મહત્તમ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

(બાઇટ-પીએમ)

પ્રધાનમંત્રીએ કહ્યું કે આજે સ્ટાર્ટઅપ્સથી લઈને વિજ્ઞાન અને રમતગમતથી લઈને ઉદ્યોગસાહસિકતા સુધી, યુવા શક્તિ નવા આયામો ખોલી રહી છે. શ્રી મોદીએ કહ્યું કે બાળકોમાં નવીનતાને પ્રોત્સાહન આપવા માટે દેશભરમાં દસ હજારથી વધુ અટલ ટિંકરિંગ લેબોરેટરીની સ્થાપના કરવામાં આવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારતની લોકશાહીનો વ્યાપ ગુરુઓના ઉપદેશો, સાહિબજાદાઓના બલિદાન અને દેશની એકતાના મૂળ મંત્ર પર આધારિત છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે બહાદુર સાહિબજાદાઓનું જીવન આપણને શીખવે છે કે દેશની અખંડિતતા અને વિચારધારા સાથે કોઈ સમજૂતી થઈ શકે નહીં. વર્ષ 2022માં પ્રધાનમંત્રી મોદીએ ગુરુ ગોવિંદ સિંહના સાહિબજાદાઓને શ્રદ્ધાંજલિ આપવા માટે વીર બાલ દિવસ ઉજવવાની જાહેરાત કરી હતી.

આ અવસરે પ્રધાનમંત્રીએ સુપોષિત ગ્રામ પંચાયત અભિયાનની પણ શરૂઆત કરી હતી. આ અભિયાનનો ઉદ્દેશ્ય પોષણ સંબંધિત સેવાઓને મજબૂત કરવાનો અને આ કાર્યમાં લોકોની ભાગીદારી સુનિશ્ચિત કરીને પોષણ પ્રણાલીને મજબૂત કરવાનો છે. પ્રધાનમંત્રીના રાષ્ટ્રીય બાળ પુરસ્કારથી સન્માનિત બાળકો સહિત સાડા ત્રણ હજાર બાળકો અને અન્ય મહાનુભાવો સાથે આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

## RE: SANSHO. PRESIDENT'S CHILDREN'S AWARD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે નવી દિલ્હીમાં 17 બાળકોને તેમની અસાધારણ સિદ્ધિઓ માટે સાત શ્રેણીમાં પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત કર્યા. ચૌદ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના આ બાળકોને કલા અને સંસ્કૃતિ,

બહાદુરી, નવીનતા, વિજ્ઞાન અને ટેકનોલોજી, સમાજ સેવા, રમતગમત અને પર્યાવરણ ક્ષેત્રે તેમની સિદ્ધિઓ માટે સન્માનિત કરવામાં આવ્યા હતા. દરેક એવોર્ડ વિજેતાને મેડલ, પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત લોકોને સંબોધતા રાષ્ટ્રપતિ મુર્મુએ વીર બાળ દિવસના અવસર પર સાહિબજાદાઓની બહાદુરી અને બલિદાનને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે કહ્યું કે આ દિવસ દર વર્ષે શીખોના દસમા ગુરુ, ગુરુ ગોવિંદ સિંહના યુવાન પુત્રોના અજોડ બલિદાન અને હિંમતને માન આપવા માટે ઉજવવામાં આવે છે.

(બાઇટ-રાષ્ટ્રપતિ મુર્મુ)

અત્રે ઉલ્લેખનીય છે કે, આજે અપાયેલા બાળપુરસ્કારમાં અમદાવાદના યુવક ઓમ જિજ્ઞેશ વ્યાસનો સમાવેશ થાય છે. 17 વર્ષીય ઓમ દિવ્યાંગ છે, તેમને કળા તેમજ સંસ્કૃતિ ક્ષેત્રે આ પુરસ્કાર એનાયત કરાયો છે.

ઓમ વ્યાસ સેરેબ્રલ પાલ્સીથી પિડીત છે. તેમને સુંદરકાંડ અને ભગવદ્ ગીતા સહિત 5 હજારથી વધુ સંસ્કૃત શ્લોક કંઠસ્થ છે. અનેક પડકારો છતાં તેમણે સમગ્ર ભારતમાં પાંચસોથી વધુ સ્ટેજ શો કર્યા છે તેણે અનેક ભક્તિગીત પાઠ માટે રેકોર્ડ બુકમાં 18 નામાંકન પ્રાપ્ત કર્યા છે.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઓમ વ્યાસની સિદ્ધિઓની પ્રશંસા કરીને ગુજરાતનું ગૌરવ વધારવા માટે અભિનંદન પાઠવ્યા છે.

## AAM AADMI PARTY-CONGRESS

દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી પહેલા, આમ આદમી પાર્ટીએ આજે કોંગ્રેસ પર આરોપ લગાવ્યો છે કે તે આગામી ચૂંટણીમાં ભાજપની જીત સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરી રહી છે.

પક્ષના નેતા સંજય સિંહે, નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા, કોંગ્રેસના વરિષ્ઠ નેતા અજય માકને પક્ષના કન્વીનર અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ

કરેલી કેટલીક ટિપ્પણીઓ પર વિરોધ નોંધાવ્યો હતો. તેમણે આરોપ લગાવ્યો કે શ્રી માકને શ્રી કેજરીવાલને દેશદ્રોહી ગણાવ્યા તે વાંધાજનક છે અને કોંગ્રેસ પાર્ટીએ 24 કલાકની અંદર તેમની સામે કાર્યવાહી કરવી જોઈએ.

દરમિયાન કોંગ્રેસે આમ આદમી પાર્ટીના આરોપોને ફગાવી દીધા છે. દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા કોંગ્રેસના વરિષ્ઠ નેતા સંદીપ દીક્ષિતે દાવો કર્યો હતો કે કોઇ રાજકીય પાર્ટી નહીં પણ દિલ્હીની જનતા આગામી ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને હરાવી દેશે.

## JITENDRA SINGH-INCOIS

વિજ્ઞાન અને ટેકનોલોજીના કેન્દ્રીય રાજ્ય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે આજે જણાવ્યું હતું કે દેશ આપત્તિ ચેતવણીમાં વૈશ્વિક નેતા તરીકે ઉભરી આવ્યો છે અને અન્ય દેશોને પણ મદદ કરી રહ્યો છે.

મંત્રી આજે હૈદરાબાદમાં ઈન્ડિયન નેશનલ સેન્ટર ફોર ઓશન ઈન્ફોર્મેશન સર્વિસિસ ખાતે 2024 ઈન્ડિયન ઓશન સુનામીની 20મી વર્ષગાંઠ પર આયોજિત સ્મારક સમારોહને સંબોધિત કરી રહ્યા હતા. ડૉ. જિતેન્દ્ર સિંઘે 'ડીપ સી મિશન' સહિતની મહાસાગર સંબંધિત પહેલની પ્રશંસા કરી હતી. તેમણે મહાસાગર સંશોધન અને આપત્તિ સજ્જતામાં ભારતની ક્વોન્ટમ પ્રગતિ પર પણ પ્રકાશ પાડ્યો હતો.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in**/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

## CCPA

**યુપીએસસીના પરીણામો અંગે ભ્રામક જાહેરાતો કરવા બદલ 3 કોચિંગ સંસ્થાઓ પર દંડ ફટકારવામાં આવ્યો છે.**

**યુનિયન પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષા 2022 અને 2023ના પરિણામો અંગે ભ્રામક જાહેરાતો કરવા બદલ કેન્દ્રીય ગ્રાહક સુરક્ષા પ્રાધિકરણ-CCPA એ બે સ્પર્ધાત્મક કોચિંગ સંસ્થાઓ પર 7 લાખ રૂપિયા અને અન્ય સંસ્થા પર 1 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. CCPAએ સંસ્થાઓને ભ્રામક જાહેરાતોને તાત્કાલિક અસરથી દૂર કરવાનો આદેશ આપ્યો છે. ઉપભોક્તા બાબતોના મંત્રાલયે જણાવ્યું હતું કે ગ્રાહકોના અધિકારોનું રક્ષણ કરવા માટે આ કાર્યવાહી કરવામાં આવી છે.**

## AGRICULTURE-SECRETARY

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના સચિવ ડૉ. દેવેશ ચતુર્વેદીએ આજે કૃષિ અને બાગાયતની પરંપરાગત જાતોને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

નવી દિલ્હીમાં એક સંમેલનને સંબોધતા સચિવે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર પ્રાકૃતિક ખેતી મિશન, રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન અને બીજ વિકાસ કાર્યક્રમો જેવી વિવિધ યોજનાઓના માધ્યમથી કૃષિ અને બાગાયત પાકોની પારંપરારિક જાતોને પ્રોત્સાહિત કરી રહી છે. શ્રી ચતુર્વેદીએ કહ્યું કે પરંપરાગત જાતોમાં વધુ સારો સ્વાદ, સુગંધ, રંગ, રસોઈની ગુણવત્તા અને પોષક સમૃદ્ધિ જેવા વિશિષ્ટ લક્ષણો હોય છે.

## WEATHER

હવામાન વિભાગે આગામી બે દિવસ ઉત્તર-પશ્ચિમ અને મધ્ય ભારતમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, પશ્ચિમ વિક્ષેપ અને પૂર્વીય પવનોન અસરને પગલે ગુજરાત,

મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ પશ્ચિમી ઉત્તર પ્રદેશ, પંજાબ અને હરિયાણામાં 27 અને 28 ડિસેમ્બરનાં રોજ ભારે ગાજવીજ સાથે ભારે પવન ફુંકાવાની શક્યતા છે.

હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, લદ્દાખનાં છુટાછવાયા વિસ્તારોમાં 30 ડિસેમ્બર સુધી અતિ ભારે ઠંડીનું મોજું પ્રવર્તવાની સંભાવના છે. હવામાન વિભાગે આગામી બે-ત્રણ દિવસ દરમિયાન લઘુતમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થવાની સંભાવના વ્યક્ત કરી છે.

## UTTARAKHAND-NATIONAL GAMES PROCESSION

**ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ આજે નૈનીતાલ જિલ્લાના હલ્દવાનીથી 38મી રાષ્ટ્રીય રમતોની મશાલ સરઘસનું ઉદ્ઘાટન કર્યું. આ અવસરે તેમણે કહ્યું કે નેશનલ ગેમ્સ માટે તમામ તૈયારીઓ આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.**

**મશાલયાત્રા હલ્દવાનીથી શરૂ થઇને પાંત્રીસ દિવસમાં ત્રણ હજાર આઠસો ત્રેવીસ કિલોમીટરની યાત્રા કરશે અને ઉત્તરાખંડના તમામ જિલ્લાઓમાં નવ્વાણું સ્થળોની મુલાકાત લેશે. તેનો ઉદ્દેશ્ય રાષ્ટ્રીય રમતો વિશે જાગૃતિ ફેલાવવાનો છે.**

## DELHI POLICE ARRESTED SMUGGLER

**દિલ્હી પોલીસની ગુનાશોધક શાખાએ રાજધાનીના જુદા જુદા વિસ્તારોમાં દરોડા પાડીને આંતર-રાજ્ય કેફીદ્રવ્યોની દાણચોરી કરતી ટુકડીના ત્રણ લોકોની ધરપકડ કરી છે. પોલીસે આરોપીઓ પાસેથી સાડા ત્રણ કિલોગ્રામ ઉચ્ચ ગુણવત્તાનો કેફી દ્રવ્યોનો જથ્થો કબજે કર્યો છે, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત અંદાજિત દોઢ કરોડ રૂપિયા છે.**

**દિલ્હી પોલીસના એડિશનલ પોલીસ કમિશનર સંજય ભાટિયાએ કહ્યું છે કે આ ટુકડી હિમાચલ પ્રદેશ અને દિલ્હીમાં સક્રિય હતી. તેણે કહ્યું કે જપ્ત કરાયેલી**

**દવાઓ દિલ્હીના જુદા જુદા ભાગોમાં નવા વર્ષની પાર્ટીઓ અને કાર્યક્રમો માટે મોકલવાની હતી. પોલીસે આરોપી વિરુદ્ધ NDPS એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.**

## ELECTION COMMISSION-REPORT

ચૂંટણી પંચે આજે જણાવ્યું હતું કે 2024ની લોકસભા ચૂંટણીમાં 64 કરોડ 64 લાખ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જેમાં મહિલા મતદારોની સંખ્યા 65.78 ટકા છે જે પુરૂષો કરતા વધુ છે. ચૂંટણીપંચ દ્વારા 42 આંકડાકીય અહેવાલો જાહેર કરવામાં આવ્યા છે. અહેવાલ મુજબ, આ વર્ષે રજિસ્ટર્ડ ત્રીજી જાતિના મતદારોમાં 23.5 ટકાનો વધારો થયો છે. પંચે કહ્યું છે કે આ રિપોર્ટ ચૂંટણી પ્રણાલીમાં લોકોનો વિશ્વાસ દર્શાવે છે અને તેમના માટે ફાયદાકારક રહેશે.

## CRICKET-IND-AUS

મેલબોર્ન ખાતે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ચોથી ટેસ્ટ મેચના આજે પ્રથમ દિવસે ભારત સામે ઓસ્ટ્રેલિયાએ 6 વિકેટે 311 રન નોંધાવ્યા છે. ઓસ્ટ્રેલિયા વતી પ્રથમ મેચ રમી રહેલા સામ કોન્સ્ટાસે સૌથી વધુ 60 રન કર્યા હતા. માર્નુસ લાબુશેંજનેએ 72 અને ઉસ્માન ખ્વાજાએ 57 રન કર્યા હતા.

આ પહેલા ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. બંને ટીમોએ પાંચ મેચની શ્રેણીમાં એક-એક મેચ જીતી છે. જયારે એક મેચ ડ્રો થઇ છે.